| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**રાજકોટના મહે. પાંચમા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૬૩૨/૨૦૨૬**

**આંક–**

**મોહીત ઉર્ફે બની સુરેશભાઈ પરમાર,**
ઉ.વ.–પુખ્ત, ધંધો–મજૂરી,
રહે. આંબેડકરનગર શેરી નં.૧૧,
રાજકોટ.

હાલ– જિલ્લા જેલ રાજકોટ.

**..... અરજદાર**

**–// વિરૂદ્ધ //–**

**શ્રી સરકાર**

**..... સામાવાળા**

**બાબત:** **બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી આર.એમ.પટગીર**
**સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.કે.વોરા**

---

## – ચુ કા દો –

**(૦૧)** આ કામના અરજદાર/આરોપીની રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૫૦૯૨૩/૨૦૨૫ ના કામમાં બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨), ૧૧૫(૨), ૧૨૫, ૩૩૩, ૩૨૪(૪), ૫૪ તેમજ જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાના કામે અટક કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય અગાઉ અરજદાર તરફે રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ જે નામ. અત્રેની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ આ ગુનાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ હોય અને ચાર્જશીટ કોર્ટમાં દાખલ થઈ ગયેલ હોય તેથી અરજદાર/આરોપી તરફે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટે ચાર્જશીટ બાદ હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે.

**(૦૨)** આ જામીન અરજીની નોટીસ સામાવાળા સરકારશ્રી વતી ડી.જી.પી.શ્રીને બજતા પી.પી.શ્રી એસ.કે.વોરા હાજર થયેલા છે અને આંક–૬ થી પોલીસ રીપોર્ટ રજુ રાખેલ છે.

**(૦૩)** ત્યારબાદ અરજદાર/આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની તેમજ સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો રૂબરૂ સાંભળી.

**(૦૪)** અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. તેમણે કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. આ કામના અરજદાર વિરૂદ્ધની ઉપરોક્ત કહેવાતા ગુન્હાની ફરિયાદ જોવામાં આવે તો અરજદાર વિરૂદ્ધ કોઈ સ્પષ્ટ આક્ષેપો નથી. કહેવાતા બનાવમાં કોઈ જગ્યાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ ભજવેલ નથી. આ કામે હવે કોઈ રીકવરી કે ડિસ્કવરી કરવાની બાકી નથી. વધુમાં અરજદાર ઘણાં સમયથી જ્યુડીશીયલ કસ્ટડીમાં કેદમાં છે. વધુમાં આ ગુનાના કામે ઈજા પામનારને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દીધેલ છે અને તેઓ ભયમુક્ત છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ અન્ય ગુનાઓ નોંધાયેલા છે પરંતુ અરજદાર/આરોપી તે ગુનાના કામે

જામીન મુક્ત છે. તે સિવાય આરોપીનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી. આરોપી સામે આક્ષેપવામાં આવેલા ગુનાના કોઈ તત્વો ફલીત થતા નથી. વધુમાં આ ગુનાના અન્ય સહઆરોપી મનુભાઈ સ.ઓ. હરીભાઈ પરમારને નામ. અત્રેની કોર્ટ દ્વારા ફો.પ.અરજી નં. ૪૦૦૯/૨૦૨૫ ના કામમાં તેમજ આરોપી તુષાર ઉર્ફે ચીનો સ.ઓ. મનુભાઈ પરમારને ફો.પ.અરજી નં. ૧૦૩/૨૦૨૬ ના કામમાં રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરેલા છે તે સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અગાઉ અરજદાર તરફે રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ જે નામ. અત્રેની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ આ ગુનાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ કોર્ટમાં દાખલ થઈ ગયેલ હોય તેથી બદલાયેલા સંજોગોના આધારે હાલની આ જામીન અરજી ચાર્જશીટ બાદ રજુ કરેલ છે. વધુમાં અરજદાર/આરોપી વિરૂદ્ધનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. આરોપીને જો લાંબો સમય સુધી તેઓને જેલમાં રાખવામાં આવે તો તેનુ કુટુંબ ભુખમરાની સ્થિતિમાં મુકાય જાય તેમ છે અને બીફોર ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે, તેથી જામીન એ નિયમ અને જેલ એ અપવાદનો સિધ્ધાંત ધ્યાને રાખીને અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવશે તો જામીન મુકત કરતી વખતે નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું અરજદારો પાલન કરશે. અરજદારો રાજકોટના રહેવાસી છે અને કુટુંબ પરિવાર ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જશે નહીં તેની ખાતરી આપે છે. આ કામે કેસનો ગુણ-દોષ પર નિર્ણય થતા ઘણો સમય લાગે તેમ છે. આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

**(૦૫)** સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર વિરુધ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આ કામના મજકુર અરજદાર/આરોપીનું પ્રથમ એફ.આઈ આરમાં જ નામ છે. આ કામના અરજદાર/આરોપી આ ગુનાના મુખ્ય આરોપી છે. ફરિયાદ હકીકત મુજબ આ

કામના ફરિયાદીના દિકરા હિતેષભાઈ તથા ભાણેજ અભય મનોજભાઈ ની સાથે આ કામના અરજદાર/આરોપીએ અગાઉ ઝઘડો કરેલ જે બાબતે ફરિયાદીના દિકરાએ ફરીયાદ કરેલ હોય જેનો ખાર રાખી આ કામના અરજદાર/આરોપી છરી સાથે ફરિયાદીના ઘરમા ગ્રહપ્રવેશ કરી આ કામના ફરીયાદીને છરીના બે ઘા ડાબા પડખામાં મારી તથા એક ઘા ડાબા હાથે કોણી પાસે મારી ગંભીર ઈજા કરેલ તેમજ સહ આરોપી તુષાર પરમારે સાહેદ ગૌરીબેન ને ધોકા વડે ડાબા હાથે કોણી પાસે માર મારી મુંઢ ઈજા કરી તથા આરોપી મનુભાઈ પરમાર નાએ ધોકા વડે તથા પથ્થરના ઘા કરી ફરીયાદીના રહેણાક મકાનની બારીનો કાચ તોડી તથા શેરીમા પાર્ક કરેલા મોટરસાઈકલમા નાનુ મોટુ નુકશાન કરેલ બાદ બીજા ત્રણ અજાણ્યા ઈસમોએ ફરિયાદીના ઘર પાસે શેરીમા આવી પથ્થર તથા ઈંટોના ઘા મારી કાચની બારી તથા મોટરસાઈકલમાં નાનુ મોટુ નુકશાન કરી એકબીજાને મદદગારીઓ કરી મ્હે.પો.કમી.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. આમ, આ ગુનાના કામે ફરિયાદીને છરી વડે ગંભીર પ્રકારની ઈજા પહોંચાડનાર હાલના અરજદાર/આરોપી મુખ્ય આરોપી છે. નામ. કોર્ટે અગાઉ જે આરોપીઓને જામીન મુક્ત કરેલા છે તે આરોપીઓએ સાહેદને ધોકા વડે માર મારેલાનો આક્ષેપ છે. જ્યારે હાલના આરોપીએ પ્રાણઘાતક હથિયાર છરી વડે ફરિયાદીને પડખામાં છરીના બે ઘા ડાબા પડખામાં મારી તથા એક ઘા ડાબા હાથે કોણી પાસે મારી ગંભીર ઈજા કરેલાનો આક્ષેપ છે તે સંજોગોમાં અરજદાર/આરોપીનો રોલ જામીન મુક્ત આરોપીઓ  જેવો કે તેનાથી ઉતરતી કક્ષાનો નથી પરંતુ મુખ્ય અને ગંભીર પ્રકારનો રોલ છે અને તે સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર નથી. વધુમાં માત્ર તપાસ પૂર્ણ થઈ જવાથી અને ચાર્જશીટ કોર્ટમાં રજુ થઈ જવાથી ગુનાની ગંભીરતા ઘટી જતી નથી. તપાસ કરનાર અમલદારને અરજદાર/આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા મળેલા હોય તેથી ચાર્જશીટ કરેલ છે ત્યારે તે જામીન મંજૂર કરવાનું કારણ બની શકે નહીં. વધુમાં અરજદાર/આરોપી વિરૂદ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે, આરોપી ગુનાહીત ભુતકાળ ધરાવે છે અને હાલના ગુના ઉપરાંત શરીર સંબંધી બીજા ગુનાઓ પણ નોંધાયેલા છે અને તે રીતે આરોપી ગુનો કરવાની ટેવ વાળા છે તેવા સંજોગોમાં અરજદાર/આરોપી જામીન મુકત કરવામાં

આવશે તો ફરિયાદી, સાહેદોને નુકશાન પહોંચાડે, ડરાવી ધમકાવી તોડવા ફોડવા પ્રયત્ન કરશે કે ફરીથી આ પ્રકારનો ગુનો કરશે કે નાસી ભાગી જશે અને ટ્રાયલ વખતે સહેલાઈથી હાજર રહેશે નહી, તેવી શક્યતા રહેલી છે, તેથી કેસ ચાલવામાં પણ વિલંબ થશે તે સંજોગોમાં તેમજ ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં લઈ વિ.એ.પી.પી.શ્રીએ આ જામીન અરજી રદ કરવા આ કોર્ટને વિનંતી કરેલ છે.

(૦૬) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆતો, અરજીમાં જણાવેલ હકીકતો તથા તપાસના કાગળો વંચાણે લીધા અને તપાસ કરનાર અધિકારીનો રીપોર્ટ વંચાણે તેમજ ધ્યાને લીધો. પોલીસ તપાસના કાગળો, એફ.આઈ.આર. તેમજ ચાર્જશીટ વંચાણે લેતાં જણાઈ આવે છે કે, આ કામના ફરિયાદીના દિકરા હિતેષભાઈ તથા ભાણેજ અભય મનોજભાઈની સાથે આ કામના અરજદાર/આરોપી મોહીત ઉર્ફે બની સુરેશભાઈ પરમારે ઝઘડો કરેલ જે બાબતે ફરિયાદીના દિકરાએ ફરિયાદ કરેલ હોય જેનો ખાર રાખી હાલના અરજદાર/આરોપીએ છરી સાથે ફરિયાદીના ઘરમાં અપપ્રવેશ કરી આ કામના ફરિયાદીને છરીના બે ઘા ડાબા પડખામાં મારી તથા એક ઘા ડાબા હાથે કોણી પાસે મારી ગંભીર ઈજા કરી તેમજ અન્ય સહ આરોપીઓએ ધોકા વડે તેમજ પથ્થરના ઘા કરી ફરિયાદીના મકાનની બારીનો કાચ તોડી તથા શેરીમાં પાર્ક કરેલ મોટરસાઈકલમાં નાનુ મોટુ નુકશાન કરી તેમજ બીજા ત્રણ અજાણ્યા ઈસમો સાથે શેરીમાં પથ્થરના તથા ઈંટોના ઘા કરી કાચની બારી તેમજ મોટરસાઈકલમાં નાનુ મોટુ નુકશાન કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી તરફે અગાઉ ફો.પ.અરજી નં. ૧૧૭/૨૦૨૬ થી રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલી જે અત્રેની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ આ ગુનાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ કોર્ટમાં રજુ થઈ ગયેલ છે તે સંજોગોમાં અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ બાદની આ જામીન અરજી બદલાયેલા સંજોગોના આધારે દાખલ કરેલ છે. આ ગુનાના કામે અન્ય સહ આરોપીઓને અત્રેની કોર્ટ દ્વારા રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવામાં આવેલા છે. આ કામે ઈજાપામનારને હોસ્પિટલમાંથી રજા આપી દીધેલ હોવાનું જણાઈ આવે છે અને ત્યારબાદ ઈજાપામનારને ઈજામાં કોઈ કોમ્પ્લીકેશન થયેલ હોય તેવી

કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં અરજદાર વિરૂદ્ધનો ગુનો જે.એમ.એફ.સી.ટ્રાયેબલ છે. પોલીસ રીપોર્ટ મુજબ અરજદાર/આરોપી વિરૂદ્ધ હાલના ગુના ઉપરાંત અન્ય ગુનાઓ નોંધાયેલા છે પરંતુ અરજદારને કોઈ ગુનામાં સજા થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં હાલના તબક્કે અરજદાર પાસેથી કોઈ રિકવરી કે ડિસ્કવરી બાકી હોવાનું જણાઈ આવતુ નથી તેમજ અરજદાર/આરોપી રાજકોટના સ્થાનિક વતની હોય, કુટુંબ પરિવાર ધરાવતા હોય ક્યાંય નાસી ભાગી જશે નહીં તેની ખાતરી આપતા હોય વધુમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવશે તો જામીન મુકત કરતી વખતે કોર્ટ જે કાંઈ પણ શરતો ફરમાવશે તે તમામ શરતોનું અરજદાર પાલન કરવાની ખાત્રી આપે છે. જામીન મંજુર કરવા એ નિયમ છે અને જેલમાં મોકલવા તે અપવાદ છે તે પ્રસ્થાપિત સિદ્ધાંત છે. જામીનનો ઈન્કાર કરવામાં આવે તો તે આર્ટીકલ ૨૧ હેઠળ સ્વાતંત્ર્ય અંગેનો જે મૂળભૂત અધિકાર આપેલ તેના ઉપર અંકુશ મુકવા બરાબર છે, અચોકકસ સમય સુધી કસ્ટડીમાં રાખવા તે આર્ટીકલ ૨૧ ના ભંગ સમાન ગણાય.

ઉપરોકત સંજોગો અને હકીકતો તથા અરજીની વિગતો, આરોપી વિરુધ્ધનો આક્ષેપ, આરોપીનો રોલ, આક્ષેપિત ગુન્હામાં સજાની જોગવાઈ તથા જામીન સંદર્ભે નામ. ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતુ હોય, અરજદારની જામીન અરજી મંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન માટેની ફો.પ.અરજી નં. **૬૩૨/૨૦૨૬** આથી **મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપી **મોહીત ઉર્ફે બની સુરેશભાઈ પરમાર,** ઉ.વ.-પુખ્ત, ધંધો-મજૂરી, રહે. આંબેડકરનગર શેરી નં.૧૧, રાજકોટ વાળાને રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૫૦૯૨૩/૨૦૨૫ ના કામમાં બી.એન.એસ.ની કલમ- ૧૧૮(૨), ૧૧૫(૨), ૧૨૫, ૩૩૩, ૩૨૪(૪), ૫૪ તેમજ

જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂ૦ ૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સદ્ધર જામીન તેમજ તેટલીજ રકમનો જાતમુચરકો સંબંધિત નીચેની કોર્ટ સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધિન અરજદાર/આરોપીને ક્રિમીનલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તોઃ–**

/૧/ અરજદાર/આરોપીએ હવે પછી કોઈપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરવું નહીં તપાસમાં સહકાર આપવો.

/૨/ અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક કરવાનો પ્રયત્ન કરવો નહીં કે ધાક ધમકી આપવી નહીં કે સાહેદોને તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

/૩/ અરજદાર/આરોપીએ હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

/૪/ અરજદાર/આરોપીએ દિવસ–૭ માં પાસપોર્ટ નીચેની કોર્ટમાં જમા કરાવવો અન્યથા તે અંગેનું સોગંદનામું નીચેની કોર્ટમાં રજુ કરવું.

/૫/ અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ લોકલ તથા કાયમી સરનામુ તથા ધંધાનુ લોકલ તથા કાયમી સરનામુ, મોબાઈલ નંબર, આધાર કાર્ડની નકલ, ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે નીચેની કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવું અને સંબંધિત ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર અરજદારે પોતાના રહેણાંકના સરનામામાં તથા મોબાઈલ નંબરમાં ફેરફાર કરવો નહી.

/૬/ અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમાં દર મુદ્દતે અનિવાર્ય સંજોગો સિવાય અચૂક હાજર રહેવું.

ઉપરોક્ત કોઈપણ શરતોનો ભંગ થયેથી અરજદાર/ આરોપીના જામીન ઓટોમેટીક રદ થયેલા ગણાશે અને ટ્રાયલ કોર્ટ આરોપી વિરુદ્ધ પકડ વોરન્ટ ઈસ્યુ કરી શકશે.

જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

આ હુકમની યાદી સંબંધિત કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ**,** આજ તારીખ **૧૧મી,** માંહે–**માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૧/૦૩/૨૦૨૬.**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**પાંચમા** અધિક સેશન્સ જજ**,**
રાજકોટ.
(UIC NO.GJ00614)